## સંક્ષિપ્ત સમાચાર

### ઓલપાડ ભાજપ સંગઠને પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે 'તિરંગા યાત્રા' યોજી




જયેશ પટેલ

સાયણ: ઓલપાડ તાલુકા ભાજપ સંગઠને તાજેતરમાં દેશની સેનાએ પાકિસ્તાન ઉપર કરેલા એરસ્ટ્રાઇક હુમલાની સફળતાને બિરદાવવા ટાઉન મથકે 'પાકિસ્તાન મુર્દાબાદ'ના નારા સાથે 'તિરંગા યાત્રા' યોજી હતી. આ 'તિરંગા યાત્રા' પ્રસંગે ઓલપાડ ભાજપ સંગઠન પ્રમુખ કુલદીપસિંહ ઠાકોરે કહ્યું કે, પાકિસ્તાન આશ્રિત આતંકવાદીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં દેશના ૨૬ નિર્દોષ નાગરિકોની હત્યા કરતા તેને પાઠ ભણાવવાની જરૂર હતી. 'ઓપરેશન સિંદૂર' દ્વારા દેશની બહાદુર સેનાએ પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને રાત્રિના સમયે એરસ્ટ્રાઇક કરી હતી. જેના ભાગરૂપે જીવ ગુમાવનારા નિર્દોષ લોકોના આત્માને શાંતિ મળે તથા આપણા દેશનું ગૌરવ વધારતા સૈનિકોના શૌર્યને વધાવવા સૈનિકોના સન્માનમાં અમે ઓલપાડ ખાતે 'તિરંગા યાત્રા' યોજી છે. સૈનિકોના સન્માનમાં યોજાયેલી 'તિરંગા યાત્રા'માં ઓલપાડ ભાજપ સંગઠનના વિવિધ હોદ્દેદારો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, વિવિધ મોરચાના હોદ્દેદારો, આજુબાજુના ગામના સરપંચો, દેશપ્રેમી નાગરિકો, ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### કઠોરમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



સુરત: સનાતની હિંદુ યુનિટી ગ્રુપ કઠોર દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં જોકી ઇલેવન વિજેતા ટીમ થઈ હતી. તો રેઇન્બો ઇલેવન રનર્સઅપ રહી હતી, જેમાં તમામ નગરજનોએ સાથ સહકાર આપી ક્રિકેટ ટુર્નામેન્ટની સારી રીતે પાર પાડી હતી.

### સાગબારામાં લગ્નમાં જવાનું કહી અઢી વર્ષની દીકરી સાથે માતા ગુમ

રાજપીપળા: સાગબારાના નરવાડી ગામથી ગુમ થયેલાં માતા-પુત્રીને શોધવા પોલીસે ચક્રો ગતિમાન કર્યાં છે. વિષ્ણુદાસ ફતેસિંગ પાડવીએ સાગબારા પોલીસને જાણ કર્યા મુજબ તેમનાં પત્ની મંદાબેન વિષ્ણુદાસ ફતેસિંગ પાડવી અને દીકરી અન્વીશા આ બંને તેમની સાસરી નરવાડી ગામથી લગ્નમાં જવાનું કહી તા.૬ મેના દિવસે ગયાં હતાં. પરંતુ પાછાં નહીં આવતાં સાગબારા પોલીસને જાણ કરી છે.

### અંકલેશ્વરના કોસમાડીમાં પ્રોહિબિશનના કેસમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના કોસમડી ગામ નજીક તા.1 એપ્રિલે મોપેડની ડીકીમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરતાં શખ્સને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. આ ગુનામાં પોલીસે અન્ય બે આરોપીઓ જયેશ પ્રભાકર પવાર તેમજ પૂનમ અજય વસાવાને વોન્ટેડ જાહેર કર્યા હતા. જે પૈકી પોલીસે જયેશ પવારને ઝડપી પાડી જીઆઈડીસી પોલીસને વધુ કાર્યવાહી અર્થે સોંપ્યો હતો.

### ભરૂચની ઇન્દિરાનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જુગાર રમતી બે મહિલા સહિત 3 ઝડપાયાં

ભરૂચ: ભરૂચની ઇન્દિરાનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાંથી જુગાર રમતી બે મહિલા સહિત 3 ઝડપાયા હતા. તીન પત્તીનો જુગાર રમતા ભગવાન વસાવા, મંજુ વસાવા અને રસીદા મુલતાનીને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ.10,900 નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કોસંબામાં લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી પંચાયત કચેરીનું લોકાર્પણ કરાશે

હથોડા: કોસંબામાં જૂની પંચાયત કચેરી પાસે મંજૂર થયેલી અને લાખો રૂપિયાના ખર્ચે તમામ સુવિધાથી સજ્જ બનાવવામાં આવેલી પંચાયત કચેરીનું માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવા બુધવારે 11:00 વાગ્યે સવારે લોકાર્પણ કરશે. તા.14-5-2025ના રોજ સવારે 11 કલાકે યોજાનારા કાર્યક્રમમાં કોસંબાની જનતાને પધારવા ગ્રામ પંચાયતે જણાવ્યું છે. તાજેતરમાં જ્યાં પંચાયત કચેરી આવેલી છે, તે બાવા આદમના સમયની જૂની અને જર્જરિત બિલ્ડિંગ બની જતાં માથે મોતનું જોખમ હોવા છતાં કર્મચારીઓ કામ કરતા હતા. પંચાયત કચેરીની નવી બિલ્ડિંગ બનતાં હવે કંઈક અંશે પંચાયત કચેરીના કર્મચારી ગણ અને વિસ્તારની જનતાને રાહત થશે.

### સાબરગામની શ્રી દ. અને કે.મ.પટેલ સર્વોદય વિદ્યાલયનું ગૌરવ

અંત્રોલી: શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારીઆ સંચાલિત શ્રી દ. અને કે.મ.પટેલ સર્વોદય વિદ્યાલય-સાબરગામ શાળાનું ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫માં લેવાયેલી બોર્ડ પરીક્ષાનું ધો-૧૦નું પરિણામ ૭૦.૨૯ % આવ્યું છે અને ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૩.૫% આવ્યું છે. શાળાની ધો-૧૨ સામાન્ય પ્રવાહની વિદ્યાર્થિની ડેઝી માહ્યાવંશીએ ૮૦.૫૩% સાથે પ્રથમ ક્રમ મેળવ્યો છે અને ધો.૧૦માં નિયતિ બહુતલેએ ૮૫.૬૦% સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. બોર્ડની પરીક્ષામાં મેળવેલી સિદ્ધિ બદલ શ્રી દ. અને કે.મ.પટેલ સર્વોદય વિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ, માનદ મંત્રી અને આચાર્ય તથા શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

# બારડોલી નગરપાલિકાનો વિચિત્ર કિસ્સો: લોકોને નોટિસ આપતી કચેરીમાં જ ફાયર સેફ્ટી નથી!

**પાલિકા** મોડે મોડે જાગતાં હવે ફાયર સેફ્ટીની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી



બારડોલી: રાજ્યમાં જ્યારે પણ કોઈ મોટી આગની દુર્ઘટના સર્જાય છે, ત્યારે તુરંત જ હરકતમાં આવી બિલ્ડિંગ્સ અને મકાન માલિકોને ફાયર સેફ્ટીની સુવિધા ઊભી કરવા માટે નોટિસો ફટકારતી બારડોલી નગરપાલિકાનું કાર્યાલય પોતે જ આજ સુધી ફાયર સેફ્ટીની સુવિધાથી વંચિત હતું. લોકોને નિયમોનું પાલન કરાવતી પાલિકા કચેરીમાં જ ફાયર સેફ્ટી ન હોવાનો મુદ્દો સામે આવતાં લોકોમાં ભારે ચર્ચા જાગી છે.

સુરતની તક્ષશિલા આગ દુર્ઘટના હોય કે રાજકોટનો કરુણ ગેમઝોન અગ્નિકાંડ, બંને ઘટનાઓ બાદ રાજ્ય સરકારની સૂચના મુજબ બારડોલી નગરપાલિકા અને ફાયર વિભાગે તાત્કાલિક મિલકત ધારકોને નોટિસો આપી ફાયર સેફ્ટી ઊભી કરવા દબાણ કર્યું હતું અને પાલન ન કરનાર બિલ્ડિંગ્સ સીલ પણ કર્યાં હતાં. જો કે, જે કચેરી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવતી હતી, ત્યાં જ અત્યાર સુધી ફાયર સેફ્ટીની કોઈ સુવિધા ન હતી. બારડોલી નગરપાલિકાના અધિકારીઓ અને શાસકોને આ વાતનું મોડે મોડે જ્ઞાન લાધ્યું હોય તેમ, હવે નગરપાલિકાના બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીની સુવિધા ઊભી કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. સામાન્ય નાગરિકો સામે કડક કાર્યવાહી કરતી પાલિકા પોતે જ નિયમોનો ભંગ કરતી હતી, ત્યારે સવાલ થાય છે કે તેમની સામે કોણ પગલાં લેશે?

### બારડોલીમાં ભારતીય સેનાના સમર્થનમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી




બારડોલી: બારડોલી ભાજપ દ્વારા મંગળવારના રોજ ઓપરેશન સિંદૂર અને ભારતીય સેનાના સમર્થનમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. સરદાર આર્કેડથી શરૂ થયેલી યાત્રા શહીદ ચોક ખાતે પાકિસ્તાન વિરોધી નારા સાથે સંપન્ન થઈ હતી. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા અને સેનાના શૌર્યને બિરદાવ્યું હતું.

# પલસાણા તાલુકામાં કાયદો-વ્યવસ્થા કોરાણે વરેલી ગામમાં તલવાર ઊછળી, ત્રણને ઇજા

**થોડા** દિવસ પૂર્વે કારેલીમાં ભરવાડોના હુમલામાં ઇજા પામેલા આધેડનું મોત થયું હતું

પલસાણા: પલસાણા તાલુકામાં કાયદો-વ્યવસ્થા કોરાણે મુકાઈ છે. થોડા દિવસ પૂર્વે પલસાણાના કારેલી ગામે નજીવી બાબતે ઝઘડો કરી ભરવાડોએ એક આધેડની હત્યા કરી નાંખી હતી. ત્યારે તાલુકાના વરેલી ગામમાં ફરી એક વખત તલવાર ઊછળી હતી. ત્રણ માથાભારે શખ્સોએ અગાસી પર સૂતેલા ત્રણ મિત્ર પર તલવાર અને સળિયાથી હુમલો કરતાં લોહીલુહાણ કરી દીધા હતા. ઘટના અંગે કડોદરા જીઆઇડીસી પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પલસાણા તાલુકામાં ગુંડા તત્ત્વો ફરી વખત સક્રિય થઈ ગયાં છે. થોડા દિવસ ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવેલા અભિયાન બાદ હવે ફરી પલસાણા અને કડોદરામાં અસામાજિક તત્ત્વોનો આતંક વધવા લાગ્યો છે. મૂળ પશ્ચિમ બંગાળના માલદાના અને હાલ પલસાણાના વરેલી ગામે શાંતિનગર સોસાયટીમાં રહેતા રવિદરા કેદાર મંડળ (ઉ.વ.32) તેના ગામના સુદર્શન મંડળ અને પ્રદીપ મંડળ સાથે છેલ્લા વીસ દિવસથી ભાડેથી રહે છે અને ત્રણેય અંત્રોલી ખાતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કામ કરે છે. ગત 11ની રાત્રે ગરમી વધુ હોય તેઓ બિલ્ડિંગના ધાબા પર સૂઇ ગયા હતા. ત્યારે રાત્રિના 1 વાગ્યાની આસપાસ આજુબાજુમાં કોઈ હલનચલનનો અવાજ આવતાં રવિન્દ્ર જાગી ગયો હતો અને કોઈ ઈસમ આંટાફેરા મારતો હોય રવિન્દ્રએ તેને ઇતની રાત કો ક્યાં કર રહે હો તેમ જોરથી બોલતાં તે ઈસમ રવિન્દ્ર તરફ આવતા તે નીચેના માળે રહેતો બિકુકુમાર ચમાર હતો અને તે રવિન્દ્ર સાથે ગાળાગાળી કરવા લાગ્યો હતો. સુદર્શન અને પ્રદીપ ઊઠી જતાં તેઓએ બિકુકુમારને નીચે મોકલી દીધો હતો. ત્યારબાદ થોડીવાર પછી બિકુકુમાર બીજા બે ઇસમ શુભમ પાંડે અને મોહિત કુશ્વાહને લઈને આવ્યો હતો. બિકુકુમારે રવિન્દ્રના માથામાં અને બંને હાથના કાંડામાં અને ડાબા પગે તલવાર મારી દીધી હતી આથી તે લોહીલુહાણ થઈ ગયો હતો. સુદર્શન અને પ્રદીપ વચ્ચે પડતાં બિકુકુમારે સુદર્શનને ડાબા પગની જાંઘ પર તલવાર મારી દીધી હતી. જ્યારે પ્રદીપને પણ માથાના ભાગે અને જમણા હાથની આંગળી પર તલવારથી ઇજા પહોંચી હતી. શુભમે લોખંડનો સળિયો પ્રદીપના માથામાં મારી દીધો હતો અને મોહિત કુશ્વાહે ત્રણેયને લાકડાના ફટકા માર્યા હતા. ઝઘડાનો અવાજ થતાં બિલ્ડિંગના અન્ય માણસો પણ દોડી આવતાં ત્રણેય શખ્સ જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ઇજાગ્રસ્ત ત્રણેયને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે રવિન્દ્ર મંડળની ફરિયાદના આધારે બિકુકુમાર ચમાર, શુભમ પાંડે અને મોહિત કુશ્વાહ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બારડોલીના ગોવિંદનગરમાં નશામાં ધૂત યુવાને મંદિરમાં તોડફોડ કરતાં લોકરોષ

**લોકોએ** પીધ્ધડ અજય પટેલને ઝડપી પોલીસના હવાલે કર્યો



બારડોલી: બારડોલી શહેરની ગોવિંદનગર સોસાયટીના કોમન પ્લોટ પર આવેલા મંદિરમાં ગઈ રાત્રે એક પીધેલા યુવકે તોડફોડ મચાવતાં ભારે હોબાળો મચી ગયો હતો. નશાની હાલતમાં કરાયેલી આ કરતૂતથી રોષે ભરાયેલા સ્થાનિકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને યુવકને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. જો કે, પોલીસે માત્ર પીધેલાનો કેસ કરતાં સ્થાનિકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બારડોલીના ગોવિંદનગરના રહીશોએ ભેગા મળી કોમન પ્લોટ પર શેડ બનાવી ભગવાન શિવ સહિત અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ સ્થાપી હતી અને ત્યાં પૂજા-અર્ચના કરતા હતા. જો કે, સોસાયટીના કેટલાક લોકોને આ મંદિર બાંધકામ સામે વાંધો હતો અને આ મામલે અગાઉ પણ બોલાચાલી થઈ ચૂકી હતી. આ દરમિયાન ગત રાત્રે સોસાયટીના જ રહેવાસી ૩૩ વર્ષીય અજય રમેશ ધો. પટેલ દારૂ પીધેલી હાલતમાં મંદિરે પહોંચ્યો હતો અને ત્યાં તોડફોડ કરી મૂર્તિઓ અને અન્ય સામાનને નુકસાન પહોંચાડ્યું હતું. મંદિરમાં તોડફોડની જાણ થતા જ સોસાયટીના લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. લોકોએ નશામાં ધૂત અજય પટેલને ઝડપી પાડ્યો હતો અને જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી.

પોલીસ વરદી મળતાં બારડોલી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પીધેલા યુવક અજય પટેલની અટકાયત કરી મામલો થાળે પાડ્યો હતો. જો કે, પોલીસે તોડફોડ કરવા બદલ ગુનો નોંધવાને બદલે માત્ર કેફી પીણું પીવા અંગેનો જ કેસ નોંધતાં સ્થાનિક લોકોમાં પોલીસ કાર્યવાહી પ્રત્યે ભારે નારાજગી અને આક્રોશ જોવા મળ્યો હતો.

# આંબોલી પાસે રિક્ષા પલટી મારી જતાં અબ્રામાની મહિલાનું મોત

કામરેજ: આંબોલી ગામની હદમાં કેટરિંગમાં કામ કરીને રિક્ષામાં ઘરે જતાં મોડી રાત્રિ રિક્ષા પલટી મારી જતાં મહિલાનું મોત નીપજ્યું હતું.

અબ્રામા ગામે ટાંકી ફળિયામાં રહેતાં ચંપાબેન ગિડિયાભાઈ રાઠોડ (ઉં.વ.45) કામરેજની અન્ય મહિલાઓ ઉર્મિલાબેન, કમુબેન, સીમાબેન સાથે રવિવારે કેટરિંગમાં પીરસવા માટે ગયાં હતાં. રાત્રિના કામ પૂર્ણ થયા બાદ ગામના જ રિક્ષાચાલક બીપીન ઉર્ફે વીકી છોટેલાલ દયાનાયકની ઓટો રિક્ષા નં.(જીજે 05 સીવી 7740)માં ઘરે આવી રહ્યાં હતાં. ત્યારે આંબોલીની હદમાં જૂના પુલ પાસે રાત્રિના 10.45 કલાકે રિક્ષા પલટી મારી જતાં ચંપાબેનને ગંભીર ઈજા થતાં સુરત સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવતાં ટૂંકી સારવાર દરમિયાન રાત્રિના જ 2.30 કલાકે મોત નીપજ્યું હતું. આ અંગે કામરેજ પોલીસે રિક્ષાચાલક સામે ગુનો નોંધ્યો હતો.

# બોરસરામાં ગેસ રિફિલિંગ કરનાર દુકાનદાર ઝડપાયો

**15 હજારનો** મુદ્દામાલ કબજે કરી એકને વોન્ટેડ જાહેર કરાયો



હથોડા: મોટા બોરસરા ખાતે સુરત જિલ્લા એસોજી પોલીસે માતમીના આધારે છાપો મારીને ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતાં દુકાનદારની ધરપકડ કરી હતી. પોલીસે 15,000 ના મુદ્દામાલ કબજે લઈ એકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

મોટા બોરસરા વિસ્તારમાં આકાશ ઇન્ડસ્ટ્રીઝ યોગેશ્વર કોમ્પલેક્ષમાં દુકાન નં.૧માં સુરેશ ભૈરૂલાલ શર્મા નામનો ઈસમ દુકાનમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગ કરતો હોવાની એસઓજી પોલીસને બાતમી મળી હતી. પોલીસે રેડ કરી તપાસ કરતાં ભૈરૂલાલ શર્મા પરવાના વિના ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગ કરી રહ્યો હતો. લોકોની જીંદગી જોખમમાં મુકનાર દુકાન માલિક સુરેશ ભૈરૂલાલ શર્મા (ઉં.વ.૫૦ રહે., મુળદ ગામ તા.ઓલપાડ, મૂળ ભિલવાડા, રાજસ્થાન) ની અટક કરી હતી. પોલીસે બાટલાઓ, પાઈપ, વજન કાંટો મળી કુલ ૧૫ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી નારાયણ ખટીક (રહે., પાલોદ, તા. માંગરોળ) ને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી હતી.

### તેન રોડ પરથી અજાણ્યાનો મૃતદેહ મળી આવ્યો

બારડોલી: બારડોલી અલંકારથી તેન રોડ પર આવેલી સો-મિલની બહાર ફૂટપાથ પર તા.12મી મેના રોજ સાંજે એક અજાણ્યો પુરુષ મૃત પડ્યો હોવાની જાણ બારડોલી તલાવડીના શકીલભાઈ પટેલે બારડોલી ટાઉન પોલીસને કરી હતી. મૃતક આશરે 28થી 33 વર્ષની ઉંમરનો હતો. આ અંગે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં અ.મોત ગુનો દાખલ કરવામાં આવ્યો છે.


Milano MULTIPLEX
બારડોલી
Jai Mata Ji- Lat`s Rock - Gujarati
01:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Raid 2 :
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Thunderbolts*
10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



ધી ભરૂચ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિ. 'દૂધધારા ડેરી'
જુના ને. હાઇવે - ૮, પો.બો.નં.- ૨૯, (ભોલાવ) ભરૂચ

**ધી ભરૂચ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "દૂધધારા ડેરી"ના નિયામક મંડળની આગામી ચૂંટણીનાં હેતુ માટે ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો, ૧૯૮૨ નાં નિયમ ૩-ક (૭) મુજબ મતદાર મંડળનાં સીમાંકનની આખરી યાદીની પ્રસિદ્ધિ.**

આથી તમામ સંઘસભાસદ દુધ ઉત્પાદક મંડળીઓ જોગ આ નોટીશ આપી જણાવવાનું કે સંઘનાં નિયામક મંડળની આગામી ચૂંટણીનાં હેતુ માટે આગામી ચૂંટણી પ્રક્રિયા માટે અધિકૃત કરવામાં આવેલ પ્રતિનિધીનાં નામનો નિયત નમૂનાનો ઠરાવ અત્રેની સંસ્થાને મળેલ છે. મતદાર મંડળનું સિમાંકન અને તેની કામચલાઉ યાદી તા-૫/૪/૨૦૨૫નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે સબબ સભાસદ મંડળીઓને વાંધા કે સૂચનો હોય તો યોગ્ય કારણ સાથે તા- ૧૯/૪/૨૦૨૫ સુધીમાં લેખીતમાં રજુ કરવા જણાવવામાં આવેલ હતું.

સદર સમયમર્યાદામાં અત્રેની સંસ્થાને મળેલ વાંધા-સૂચનો પર વિચારણા કર્યા બાદ અત્રેની સંસ્થા **ધી ભરૂચ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "દૂધધારા ડેરી"ના નિયામક મંડળની આગામી ચૂંટણીનાં હેતુ માટે ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો, ૧૯૮૨ નાં નિયમ ૩-ક (૭) મુજબ મતદાર મંડળનાં સીમાંકનની આખરી યાદી તા-૧૩/૫/૨૦૨૫નાં રોજ પ્રસિદ્ધ કરવામાં આવે છે.** સદર યાદીની નકલ સંઘનાં નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેની નોંધ લેવી.

તા: ૧૩/૫/૨૦૨૫
સ્થળ : દૂધધારા ડેરી, ભરૂચ

(એન.એમ.પટેલ)
મેનેજીંગ ડીરેક્ટર



Nippon india Mutual Fund — Wealth sets you free
Mutual Fund Investor Awareness Program
To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. Schedule of upcoming IAP is as mentioned below:

| Date | Time | Location | |
|---|---|---|---|
| 15th May 2025 | 7.00 pm | Bardoli | Venue : Red Chillies Hotel, Station Road, Bardoli - 394601. |

Name : Chirag Desai | Mob. No.: 89058 95997
Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.
Good gets better



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૭/૨૦૨૫
તા.૦૯/૦૫/૨૦૨૫
વાદી :- લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચ.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઈશનપુર ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચએ તેઓના દાદા અસલીયાભાઇ કાછીયાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અસલીયાભાઇ કાછીયાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૨૪/૦૨/૧૯૮૯ ૩. મરણનું સ્થળ: મોજે.ઈશનપુર, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે અસલીયાભાઇ કાછીયાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૫૦/૨૦૨૫
તા.૦૯/૦૫/૨૦૨૫
વાદી :- લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચ.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઈશનપુર ગ્રા.પં., તા. માંગરોળ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચએ તેઓના પરદાદી બીમાહલીબેન કાછીયાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: બીમાહલીબેન કાછીયાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૫/૦૯/૧૯૬૩ ૩. મરણનું સ્થળ: મોજે.ઈશનપુર, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે બીમાહલીબેન કાછીયાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૯/૨૦૨૫
તા.૦૯/૦૫/૨૦૨૫
વાદી :- લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચ.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઈશનપુર ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે. નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચએ તેઓના દાદી ગામનીબેન રામાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ગામનીબેન રામાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૦૩/૦૪/૧૯૯૩ ૩. મરણનું સ્થળ: મોજે.ઈશનપુર, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ગામનીબેન રામાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૬/૨૦૨૫
તા.૦૯/૦૫/૨૦૨૫
વાદી :- લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચ.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઈશનપુર ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે. નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચએ તેઓના પરદાદા કાછીયાભાઇ દુબલભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: કાછીયાભાઇ દુબલભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૨૫/૦૬/૧૯૬૦ ૩. મરણનું સ્થળ: મોજે.ઈશનપુર, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે કાછીયાભાઇ દુબલભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૮/૨૦૨૫
તા.૦૯/૦૫/૨૦૨૫
વાદી :- લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે.નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચ.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઈશનપુર ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લલિતાબેન ફતેસિંગભાઇ ચૌધરી, રહે. નિશાળ ફળિયું, મુ.સાબરીયા, તા.વાલીયા, જી.ભરૂચએ તેઓના દાદા રામાભાઇ કાછીયાભાઇ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રામાભાઇ કાછીયાભાઇ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૩/૦૮/૧૯૮૨ ૩. મરણનું સ્થળ: મોજે.ઈશનપુર, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે રામાભાઇ કાછીયાભાઇ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૬/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત